બનામે ખુદા.

મેહેરબાન જરથોસ્તીઓને એક નમ્રતા ભરેલી અરજ.

સુરત નાહાનપરાનાં જરથોસ્તીઓનું ધરમ ફંડ
તથા દવાખાનાનું ફંડ.

પ્રગટ કરતા—દારાશા દીનશાહ ગાંધી, (નાઝર) સેક્રેટરી.
(કમીટીના હુકમથી.)



“ સુરત અખબાર ” પ્રેસ, સુરત.

સને ૧૯૦૫ ઇસવી—સને ૧૨૭૪ યજદેજરદી.

બનામે ખુદા.

મેહેરબાન જરથોસ્તીઓને એક નમ્રતા ભરેલી અરજ.

સુરત નાહનપરાનાં જરથોસ્તીઓનું ધરમ ફંડ તથા દવાખાનાનું ફંડ.

મહેરબાન બાનુઓ અને ગ્રહસ્થો,

તા૦૪ માહે ડીશેંબર સને ૧૯૦૪ને રોજે નાહનપરાનાં જરથોસ્તીઓની એક જાહેર જનરલ સભા શેઠ કાવસજી તમનાની ધરમશલામાં મલીહતી તેમાં એક ઠરાવ એવો થયો છે કે, મજકુર ફંડોના અનજુમને દુર કરેલા મેનેજરો

1. શેઠ દીનશાહ જીવાજી એદલ બેહેરામ દાકટર.
2. ,, એદલજી પાલનજી લાલકાકા.
3. ,, પાલણજી બેજનજી કોટવાલ.
4. ,, મંચેરશાહ પાલણજી કેકોબાદ.
5. ,, અરદેશર મેરવાનજી ગાંધી.
6. ,, રૂસ્તમજી નવરોજી પટેલ.
7. ,, હોરમસજી ફરામજી દસ્તુર.
8. ,, સોરાબજી પેસ્તનજી દાકટર. (એવણે હમારા તા૦ ૧૨ ડીસેમ્બર સને ૧૯૦૪ના પત્રનાં જવાબમાં લખ્યું છે કે " માહારી તબીએત નાદરૂસ્ત હોવાને લીધે હુ એ કામોમાં ભાગ લઇ શકયો નથી તેમજ મેં માહારૂ મેમ્બર તરીકેનું રાજીનામું અત્યાર અગાઉ તા૦ ૨૮ મી નવેમ્બર સને ૧૯૦૪ને દીને હમારા જુના મેનેજીંગ કમીટીના પ્રમુખ સાહેબ દાકટર દીનશાહ જીવાજીને મોકલી આપ્યું છે "વી.)

એઓ પાસેથી મજકુર ફંડોને લગતી કુલ મતાનો ચાર્જ અનજુમને નીમેલી નવી મેનેજીંગ કમીટીના હમો નીચે સહી કરનાર

મેમ્બરોએ આગ્રહ કરીને લેવો અને જો મજકુર દુર થયેલી કમીટી ચાર્જ નહીં આપેતો જેમના કબજામાં એ ફંડોની કુલ મતા હોય તેમની પાસેથી હમોને વાજબી લાગતાં પગલાં ભરીને મેલવવી. એ ઠરાવ મુજબ હમોએ તેમના ઉપર તા૰ ૧૨ મી ડીસેમ્બર સને ૧૯૦૪ ને રોજે એ ફંડોને લગતી સ્થાવર તેમજ જંગમ મીલકતો, દફતરો, લોનો, અને વૌચરીઆં વિગેરેનો ચાર્જ હમોને સોંપવાને માટે એક પત્ર લખ્યો અને તેનો જવાબ તેઓએ તા૰ ૧૬મી ડીસેમ્બર સને ૧૯૦૪ ને રોજે ઇનકારમાં મોકલ્યો છે. તે છતાં હમોએ પાછો એક બીજો નમનતાઇ ભરેલો પત્ર તા૰ ૩૦ મી ડીશેમ્બર ૧૯૦૪ ને રોજે તેમના ઉપર લખ્યો અને ઉપર મુજબની સર્વ મીલકતોનો ચાર્જ સોંપવાને માંગણી કરી. તેનો પણ જવાબ આગલા જવાબ જેવોજ તા૰ ૧૨ મી જાનેવારી સને ૧૯૦૫ ને રોજે તેઓએ મોકલ્યો છે. હમોએ લખેલા પત્રો અને તેમના આવેલા જવાબો, બાનુઓ અને ગૃહસ્થોની જાણ માટે, આ સાથે છપાવી પ્રગટ કર્યા છે. એ પત્રવ્યહવાર વાંચ્યાં જો વાંચ્યાં સર્વેની ખાત્રી થશે કે, મજકુર સભામાં થયલા ઠરાવ મુજબ એ મીલકતોનો કબજો લેવા માટે હમોને (એટલે બીજા બોલોમાં કહીએતો આ પણ અનજુમનને) કાયદાની કોરટનો આશરો લેવા માટે તેઓ ફરજ પાડેછે.

એમ છતાં પણ અનજુમનનો પૈસો સરકાર દરબારમાં નકામો નહીં ખરચાય એવા નેક વીચારથી અને કોઇનું મન કચવાય નહીં તેટલા માટે એક છેલ્લી નોટીશ વકીલ મી૰ ચુનીલાલ ગાંધી મારફત તા૰ ૧૪ મી ફેબરવારી શને ૧૯૦૫ ને રોજ મોકલી છે તેનો જવાબ તેઓએ આજ સુધી આપ્યો નથી.

હવે જયારે એ આગલી કમીટીના મેમ્બરો કાયદાની કોરટનો આશરો લેવાની નાપસંદ ફરજ પાડે છે ત્યારે હમો નીચે સહી કરનારાઓ સવ જરથોસ્તી બાનુઓ અને ગૃહસ્થોને નમ્રતા પુર્વક વીનંતી કરીએ છીએ કે કાયદાની કોરટનો આશરો લેવા માટે મેહેરબાની કરી સર્વ જણ પોતાની શક્તી અને ભકતી મુજબ મદદ કરશો કે જેથી હમોને અનજુમને સોંપેલું કામ આગળ ચલાવવાને બની આવે. એ મદદમાંથી

સરકાર દરબારનો ખરચ જતાં જે વધારો રેહેશે તેનો ઉપયોગ આપ સાહેબોનાં સંમતીથી આપની મરજી મુજબ કરવામાં આવશે.

વળી આપની જાણ માટે હમો જણાવવાની રજા લઇએ છીએ કે આપની મદદ ઉપર સંપુર્ણ ભરોશો રાખી હમોએ હમારી શકતી મુજબ એ સંબંધીનું કામ આગળ ચલાવવાનું શરૂ કીધું છે.

જે સાહેબો તરફથી મદદ મળશે તે સેક્રેટરી મી૦ દારાશા દીનશાહ ગાંધી (નાઝર) સ્વીકારશે.

વીશેશ એકે આપણા ફંડોને લગતી જે મીલકતો એમના કબજામાં છે તેનો વહીવત કરવા માટે તે મેલવવા સુમારે રૂ. ૧૦૦૦) નો ખરચ થવાનો અડસતો કહાડવામાં આવ્યો છે તે ઉપર ખાસ ધ્યાન ખેંચવાની રજા લીજીએ છીએ.

છેલ્લું, માશ ડીશેમ્બર શને ૧૯૦૪ માં શેઠ તમનાની ધરમશાળાનાં ફંડોના અસલથી ચાલતા આવેલા વહીવટમાં ફેરફાર થયલો સાંભલી તમો સાહેબો પૈકી કેટલાકોએ શેક્રેટરી મી૦ દારાશા દીનશાહ ગાંધી (નાઝર) ઉપર એક પત્ર લખેલો તે સંબંધી એમની અને શેઠ પાલણજી બેજનજી કોટવાલ વચે જે પત્ર વહેવાર ચાલેલો તે પણ આ સાથે આપની જાણ માટે સદાઅરો છપાવી પ્રગટ કરયો છે.

સુરત નાહાનપુરા, તા૦ ૨૯ મી ફેબરવારી શને ૧૯૦૫.

લી૦ સેવકો,

(સહી) રતનશા નસરવાનજી ઘેઆરા.
માણેકજી રૂસ્તમજી વરીઆવા.
ધનજીશા રૂસ્તમજી ઉમરીગર.
રતનશા રૂસ્તમજી મીરજા.
દારાશા રતનજી પટેલ.
જામાસજી જીવાજી.
એરચશાહ નસરવાનજી પોહો.
ખરસેદજી સોરાબજી સબાચાલા.
દારાશા દીનશાહ ગાંધી, સેક્રેટરી.

નાહાનપરાના જરથોસ્તીઓનું ધરમ

ફંડ તથા દવાખાનાનું ફંડ.

સુરત નાહાનપુરા,
તા૦ ૧૨ મી ડીશેમ્બર સને ૧૯૦૪.

મેહેરબાન દોસ્તાન.

દાકતર શાહેબ દીનશાહજી જીવાજી એદલ બહેરામ.
શેઠ સાહેબ એદલજી પાલણજી લાલકાકા.
" પાલણજી બેજનજી કોટવાલ.
" મંચેરશાહ પાલણજી કેકોબાદ.
" અરદેશર મેરવાનજી ગાંધી.
" રૂસ્તમજી નવરોજી પટેલ.
" હોરમસજી ફરામજી દસ્તુર.
" સોરાબજી પેસ્તનજી દાકટર.

આપના સ્નેહાધીન અને શુભેચ્છક રતનશાહ નશરવાનજી ઘેઆરા, દાકતર જામાસજી જીવાજી, દારાશા રતનજી પટેલ, માણેકજી રૂસ્તમજી વરીઆવા, ધનજીશાહ રૂસતમજી ઉમરીગર, રતનશાહ રૂસ્તમજી મીરઝાં, એરચશાહ નશરવાનજી પોહો, ખરસેદજી સોરાબજી સબાવાલા તા૦ દારાશા દીનશાહ ગાંધીની દુવા સલામ કબુલ કરશોજી.

આપણા નાહાનપરાનાં જરથોસ્તીઓએ જે પોતાને માટે રૂડા લાભ દાખલ કરેલા અને સ્થાપન કરેલા છે તે જારી રાખી નીરંતર ભોગવવાને વખતે વખત વહીવતદાર નીમે છે. હાલ આપ જાણો છો કે હમોને વહીવતદાર નીમ્યા છે ને હમણાની ભાષામાં એ મેનેજીંગ કમીટી કહેવાયછે. હમારા પુર્નશીન આપ હતા. પણ આપે અસંતોષ આપણાં નાહાનપરાનાં જરથોસ્તીઓમાં ફેલાવ્યો અને તેના લાભ અને હેતુ બરબાદ જવાની

આપે ચીંતા ઉત્પન કરાવી એમ જનરલ સભાને લાગવાથી તે જનરલ સભાએ આપને હસ્તકનો વહીવટ લઈ લે હમને વહીવટ સોંપ્યો છે. એ ઠરાવ આપની સમક્ષ થયો છે અને આપના જાણ્યામાં થયો છે. આ લખવું આપના અરસપરસના સારા સ્નેહ અને લાગણી કાયમ રાખવાને છે. કોઇ પણ રીતે કોઇનું મન દુખવવાને માટે નથી. આપ સરવે અને દરેક હમારા હેતસ્વી અને મેહેરબાન છઓ, તેમજ માનીએ છીએ અને માનીશુ. પણ આપના જરથોસ્તી ભાઇઓની સેવા બજાવવામાં આપણે એક બીજાને લખવાની અને માંગણી કરવાની ફરજમાં આવી પડીએ છીએ. આજ સુધી આપે સેવા બજાવી હવે હમારે સેવા બજાવવાની છે. માટે આ પત્ર પહોંચેથી આપે મહેરબાની કરી આપણા નાહાનપુરાનાં જરથોસ્તીઓનાં હીતાર્થના ફંડોની લોનો અને ડીબેનચરો છે તથા જે કાંઇ રોકડ સીલીક છે તે હમને ૨૪ કલાકમાં સ્વાધીન કરી હમો મધેનાં રતનશાહ નશરવાનજી ઘેઆરા તથા દાકતર જામાસજી જીવાજી તથા દારાશા દીનશાહ ગાંધીને નામે લોનો તથા ડીબેનચરો ચઢાવી આપવાં.

૨ આપના નાહાનપરાનાં જરથોસ્તીઓનાં ઉપયોગ માટે શેઠ કાવસજી તમનાવાલી ધરમસલા છે તે તો હમારા સ્વાધીનમાં છે એટલે તે સંબંધમાં આપે કાંઇ તસદી લેવાની નથી.

૩ જે પંચાયતની વાડીનાં કોટડાં ઘાસ ભરવાને ભાડે આપેલાં છે તેનાં ભાડુતોને હવેથી હમને ભાડું આપવાને હમે નોટીશ આપી છે અને આપ પણ મેહેરબાની કરી તેઓને હવેથી હમને ભાડું આપવાને નોટીશ આપી તેની નકલ હમારી ઉપર મોકલવાની તસદી લેશો.

૪ આપની પાસે જે જે દફતરો, કાગલો, ચોપડીઆં આદી આપણા ફંડો વીગેરેને લગતાં છે તે પણ મેહેરબાની કરી આ પત્ર પુગેથી ૨૪ કલાકમાં સેક્રેટરી દારાશા દીનશાહ ગાંધીને આપી તેની પોંહોચ લેવાની મેહેરબાની કરવીજી.

ઉમેદ છે કે આપ સાહેબ સુલેહ સંપ જાલવી રાખવાનો અને સામાન્ય લાભ જાલવી કોઇ પણ તરેહનું ફંડને કે નાહાનપરાનાં જરથોસ્તી મંડળને નુકસાન થતું અટકાવવાને જોઇએ તે કરતા રહેશો. અને આપ

ણું વચે કંઇ પણુ નાઇતેફાકી કે એદીલી ઉતપન કરશો નહીં. અને હમ ને વહીવટ કરવામાં મદદ કરી ઉ-તેજન આપતા રહેશો.

(સહી) રતનશા નશરવાનજી ગેઆરા.
જામાસજી જીવાજી દાકટર દા૦ પોતે.
દારાશા રતનજી પટેલ.
માણેકજી રૂસ્તમજી વરીઆવા દા૦ પોતે.
ધનજીશા રૂસ્તમજી ઉમરીગર દા૦ પોતે.
રતનજી રૂસ્તમજી સહી દા૦ પોતે.
એરચશાહ નશરવાનજી પોહો વતી દારાશા દીનશાહ ગાંધી.
ખરશેદજી સોરાબજી સબાવાલા વતી દારાશા દીનશાહ ગાંધી.
દારાશા દીનશાહ ગાંધી દા૦ પોતે.

(ઉપલા પત્રનો જવાબ નીચે મુજબ.)

સુરત નાહાનપુરા જરથોસ્તી ધરમ ફંડ તથા દવાખાનાનું ફંડ.

તા૦ ૧૯-૧૨-૧૯૦૪.

મેહેરબાન શેઠ રતનશાહ નસરવાનજી ગ્યારા.
" " જામાસજી જીવાજી દાકટર.
" " દારાશાહ રતનજી પટેલ.
" " માણેકજી રૂસ્તમજી વરીઆવા.
" " ધનજીશાહ રૂસ્તમજી ઉમરીગર.
" " ખરશેદજી સોરાબજી સબાવાલા.
" " રતનજી રૂસ્તમજી મીરજાં.
" " એરચશાહ નશરવાનજી પોહો.
" " દારાશાહ દીનશાહ ગાંધી.

તમો પેકી સાત શાહેબોની સહીનો પત્ર સુરત નાહાનપુરાનાં ઉપલા

ફંડોની મેનેજીંગ કમીટીના ગૃહસ્થોને પ્રથક પ્રથક મલ્યો છે. તેમના ફરમાવ્યાથી તેનો જવાબ નીચે મુજબનો છેઃ—

તમારા પત્રનાં પેહેલા પેરેગ્રાફમાં જે અસત્યતાની સેળભેળ સાથેનું લખાણ છે તે વિષે વિસ્તારથી ઉત્તર આપવો કમીટીને યોગ્ય લાગતું નથી માત્ર એટલુંજ લખવું બસ છે કે તેમાંની હકીકત ખરી નથી.

અહદરહુ તમારા પત્રનાં પેરેગ્રાફને અંતે જે માંગણી કરવામાં આવી છે તે સ્વિકારી શકાતી નથી, સબબ કે તમારી નીમણુક જે સભામાં થવાનું લખો છો તે સભાનું કાર્ય તેમના અધિકારની બહારનું અને યોગ્ય સબબ કારણો રહીતનું છે.

મરહુમ શેઠ કાવસજી તમનાની ધર્મશાળા માટે તમારા પત્રનાં બીજા પેરેગ્રાફમાં જે ઇસારો છે, તે તદન પાયા વગરનો છે. તેનો વહીવત કુંચી વગેરે હમારા સ્વાધીનમાં છે છતાં તેમાં દખલ કરવાની કંઈ કોશીશ કરશો તો તેના જવાબદાર તમે થશો એમ નક્કી જાણવું, તેમજ પંચાયતની વાડીનાં કોટડાંનાં ભાડુતો ઉપર તમે કંઇ નોટીશ આપશો યા બીજી રીતે હમારા વહીવટમાં હાથ નાંખવાની કોશીશ કરશો તો તેને માટે પણ તમો તેવીજ રીતે જવાબદાર ઠરશો એ નક્કી જાણવું. બહારો બહાર કાયદો હાથમાં લઇને કંઇ કાર્ય ન કરતાં રીતસર કાયદેસર પગલાં ભરીને તમે કામ લેશો તો તેથી સર્વનો મ્હોભો રહેશે.

નાહાનપુરાનાં ધર્મ ખાતાનાં ફંડમાંથી મી૦ જામાસજી જીવાજીને અંગત મદદ આપવા ખાતર જે છુપી ઉસ્કેરણીથી જે પોતે પોતાનું હીત સંપાદન કરવા માંગે છે તે કામમાં તમે મદદગાર થઇ બ્હાર પડયાછો તેથી ફંડોના તમે હિત ચિંતક છો એવું ડોળ ન્યાયની અદાલતમાં એક પળ પણ ટકી શકવાનું નથી અને ત્યાં તો એ ફંડોના નાશ કરનાર તરીખે પરખાઇ આવ્યા વિના રહેવાના નથી એ પણ ખુબ ખ્યાલમાં રાખજો.

હુકમથી
(Sd.) H. F. Dastur.
ઓનરરી સેક્રેટરી.

સુરત નાહાનપુરાનાં જરથોસ્તીઓનું ફંડ
તથા દવાખાનાનું ફંડ.

સુરત નાહાનપુરા,
તા૦ ૩૦ મી ડીશેમબર સને ૧૯૦૪.

મેહેરબાન શેઠો,

દાકતર દીનશાહજી જીવાજી એદલબેહેરામ.
એદલજી પાલણજી લાલકાકા.
પાલણજી બેજનજી કોટવાલ.
મંચેરશાહ પાલણજી કેકોબાદ.
અરદેશર મેરવાનજી ગાંધી.
રૂસ્તમજી નવરોજી પટેલ. અને
હોરમસજી ફરામજી દસ્તુર.

હમારી તા૦ ૧૨ મી માહે ડીસેમબર સને ૧૯૦૪ ની નોટીસમાં માં૦ હોરમસજી ફરામજી દસ્તુરની સહીનો તા૦ ૧૬ મી ડીસેમબર સને ૧૯૦૪ નો જવાબ આપ સાહેબો તરફથી આવ્યો તે હમારી મેનેજીંગ કમીટીમાં રજુ થયો અને તે ઉપર થએલા ઠરાવ પ્રમાણે મને નીચે મુજબ લખવાની ફરમાશ થઇ છે.

આપના આવેલા જવાબની બાબતમાં હમારે દલગીરીથી જણાવવાનું કે આપની જેવી વરતણુંકને લીધે નાહાનપરાના જરથોસ્તીઓની જનરલ સભાએ આપને આપણા નાહાનપરાના જરથોસ્તીઓની મીલકત અને ફંડનાં વહીવતથી દુર કરવા પડયા અને હમારી નીમણુક કરવી પડી તેનાં કરતાં પણ વધારે નાપસંદ કરવાજોગ આપની વરતણુંક આપનો જવાબ બતાવી આપે છે તથા અસત્યતાની સેળભેળનું લખાણ છે, એવું આપનું લખવું વ્યાજબી નથી માટે કંઇ પણ વધારે નહીં લખતાં આ નોટીસથી ફરી માંગણી કરવામાં આવેછે કે આ નોટીશ પોહોચેથી ૪૮ કલાકમાં ફંડની સરકારી લોનો તથા મ્યુનીસીપલ બોન્ડો તથા હીશાબનાં દફતર અને સ્થાવર તથા જંગમ મીલકતો આદી હમારા તર

ફ્યી સેક્રેટરી મી૦ દારાશા દીનશાહ ગાંધીને સ્વાધીન કરી તેમની પહોંચ લેવી. તમો પૈકી શેઠો એદલજી પાલણજી લાલકાકા અને અરદેશર મેરવાનજી ગાંધી પંચાયતની વાડીનાં ઘાશ ભરવાનાં કોટડાંઓનાં ભાડુતો છે તેથી ચડેલું ભાડું સેક્રેટરી મી૦ દારાશા દીનશાહ ગાંધીને આ નોટીશ પોંહોચેથી વેળાશર આપવાનું કરશો. નહીતો ભાડુત તરીકે ભાડુ અને કોટડાંઓનો કબજો લેવાને યોગ્ય ઈલાજ દલગીરીથી લેવા પડશે.

વલી મી૦ હોરમસજી ફરામજી દસ્તુર ઓનરરી કે કોઇ રીતના સેક્રેટરી નથી. તેમને નાહાનપરાની પારશીઓની જનરલ સભાએ દુર કીધા પછી તેઓ સેક્રેટરીનો ઓધો ધરાવાને વાપરી શકતા નથી. તેમ આપ શાહેબો પણ મેનેજીંગ કમીટીના કે કોઇ તરેહના મેમબરો નથી. આપને પણ મજકુર સભાએ દુર કરેલા છે અને હુમોને નીમ્યા છે. વલી એ મીલકતનો વહીવટ કરવાને આપ સ્વઇચ્છાથી આપનો અયોગ્ય દેખાવ બાહાર પાડો છો તેથી હુમો દલગીર છઇએ.

પરંતુ સભ્યતાનાં લખાણ કરવાથી દરેકને શોભા છે અને તેથી જનરલ મીટીંગના ઠરાવોની નકલ આ સાથ મોકલી છે તે વાંચવાથી આપ પોતાનો વીચાર ફેરવી થયેલી માંગણી સ્વીકારશો.

તા૦ ૪ માહે ડીશેમબર સને ૧૯૦૪ ને રોજથી જે કાંઈ તમોએ ફંડોને લગતો ખરચ કરયો હોય અને હવે પછી તમો કરશો તે સરવેનાં તમો જાતે પોતે જોખમદાર છઓ એમ તમને જણાવવાની જરૂર છે.

લી૦ દુવાગીર સેવક,

(શહી) દારાશા દીનશાહ ગાંધી

સેકરેટરી.

(ઉપલી નોટીસનો જવાબ નીચે મુજબ.)

નાહાનપુરા જરથોસ્તી ધરમ ફંડ તથા ડીસ્પેનસરી ફંડ, સુરત.

તા૦ ૧૨ મી જાનેવારી સને ૧૯૦૫.

મેહેરબાન શેઠ દારાશા દીનશા ગાંધી,
સુરત.

સાહેબ,

તા૦ ૩૦-૧૨-૧૯૦૪ નો તમારી સહીનો પત્ર જે આ કમીટીના ચેરમેન સાહેબ તથા બીજા મેમ્બરોપર આવેલા છે તે એ ફંડોની મેનેજીંગ કમીટી રૂબરૂ મુકતાં આપને જે જવાબ આપવાનો ઠરાવ થયો છે તે નીચે મુજબઃ—

નાનપુરાની પારશી પંચાયતનાં કોટડાંનાં ભાડા વીશે એ કાગળોમાં મેસર્સ એદલજી પાલણજી લાલકાકા તથા અરદેશર મેરવાનજી ગાંધી વીશે જે લખ્યું છે તે વીશે ઓનરરી શેકરેટરીએ જવાબ લખવો કે એ બેઉ ગૃહસ્થો ધારા મુજબ ઉપલા ફંડોની કમીટીના ઓનરરી સેકરેટરીને ભાડુ આપતા આવ્યા છે અને આપી ચુકયા છે માટે એ બાબત કાયદો હાથમાં લઇને જે કાંઇ કૃત્ય આપ તરફથી થશે તેનાં જોખમદાર આપ રહેશો.

બીજાં બધાં લખાણો વીશે ઓનરરી સેકરેટરીએ મી૦ દારાશા દીનશા ગાંધી પર લખવું કે સદરહુ કાગળોની ભાષા મર્યાદા બાહારની તથા અસત્યતાની ભેલમભેલની છે છતાં એક વાર ફરીથી લખવામાં આવે છે કે અમારી કમીટી તરફથી જે જવાબ તા૦ ૧૬-૧૨-૧૯૦૪ નો મોકલ્યો છે તેથી વધારે કશું લખવાનું કમીટી દુરસ્ત ધારતી નથી. અને હવેથી આપની સાથે એ બાબત વધુ પત્ર વ્યહવાર ચલાવવાની કમીટી જરૂર જોશે નહીં.

લી૦ હુવાગીર શેવક,
(સહી) H. F. Dastur,
ઓનરરી શેકરેટરી.

મેહેરબાન શેઠજી દારાશાહજી દીનશાજી ગાંધી તે તા૦ ૪-૧૨-૧૯૦૪ ને દીને જનરલ સભાથી નીમાયલા નાનપુરાના જરથોસ્તી ધરમ ફંડ ત આ દવાખાનાના ફંડના સેક્રેટરી સાહેબ જોગ.

સાહેબ,

હમો નીચે સહી કરનારા નાનપુરાના રહીશો નમનતાઇ સાથે આપસા હેબની જાણ માટે લખી ખાત્રી પુર્વક ખુલાશો માંગવાની રજા લઇએ છીએ.

બીજું હમારા સાંભલવામાં ગઈ કાલે હેવું આવ્યું જે આપણી ધ રમશાલાની કુંચી કે જે આજ વરશો થયાં કોટવાલ સાહેબનાં ઘેરમો (કે જે ઘર ધરમસલાની સાંમેજ આવેલું છે) રેહેતી હતી. તે બીજે ઠેકા ણેથી બીજા માણસે મંગાવવાથી કુંચી મોકલી આપવામો આવી છે. કો ટવાલ સાહેબનાં ઘરમાં કુંચી રાખવાનું મુળ કારણ એજ હતું જે રાત ની વખતે કોઇબી જરથોસ્તીને ખોદા નખાએશ પથરા વીગેરેનો ખપ પ ડે તો ધરમસહરાની પાસેથીજ કુંચી લઇ તુરત મદદ મેલવે. જો કુંચી ત્યાં નહી રહે તો ગરીબોને તેમ તવંગરોને તેઓ ઉપર આવી પડેલી આ ફતની વખતે મુસ્કેલી નહીં પડે, એ હેતુ કોણુ સાહેબે અને કોણુના કહે વાથી બદલાઓ તેની હમુને સમજણ પડતી નથી. વાસ્તે મહેરબાની કરી આપે તજવીજ કરવી અને તેજ ઠેકાણે કુંચી રહે હેવો બંદોબસ્ત કરવો.

એ ધરમશરાહ પર સરવે જરથોસ્તીઓનો સરખો હક છે એમ હમો માની એ છઇએ અને હેવા વહીવતમાં ફેરફાર કરવો એ હમો દરૂસ્ત ધારતા નથી.

આસા છે જે બનતી તજવીજ કરી જેમબને તેમ જલદી ખાત્રી પુ રવક ખુલાશો આપશો. સુરત નાનપુરા તા૦ ૧૫-૧૨-૧૯૦૪.

લી૦ દુવાગો બીરાદરોની સલામ વાંચવીજી.

(બાવન નાનપુરાના જરથોસ્તીઓની સહી.)

સુરત નાહાનપુરા તા૦ ૧૭ માહે ડીશેમબર સને ૧૯૦૪.

શેઠ શાહેબ પાલણુજી બેજનજી કોટવાલ,

નાહાનપુરા સુરત.

મેહેરબાન સાહેબ,

મારા ઉપર આવેલાં રેકવીઝીશનની નકલ આપના ઉપર મોકલવા ની રજા લઉંછું. તેથી આપ વાકેફ થશો અને મેહેરબાની કરી એ સંબં

ખી ઘટતો ખુલાસો કરશોજી.

(ક) કુંચી હાલ કોણુને ત્યાં છે ?

(ખ) જો કુંચી આપે મોકલાવી દીધી હોય તો કોણુને ત્યાંહ અને કયે દીવસે અને કયે વખતે મોકલાવી છે ?

(ગ) એ કુંચી આપને ત્યાંહ કેટલા વરસોથી રાખના આવેલા છએો અને હાલ જો રેકવીઝીશનમાં લખ્યા મુજબ ફેરફાર થયો હોય તો તે ફેરફાર થવાનો સબબ કાંઇ હોય તો તે મેહેરબાની કરી જણાવશોજી.

આપ સાહેબનો ખુલાસો મલવાથી મને રેકવીઝીશનપર સહી કરનાર સાહેબોને વાકેફ કરવાને બની આવે, તેથી જવાબ જલદીથી મલશે તો આપનો ઉપકાર માનીશું. તસ્દી માફ.

લી૦ દુવાગો સેવક,
દારાશા દીનશાહ ગાંધી,
નાહાનપરાનાં જરથોસ્તીઓનાં ધરમ ફંડ
તથા દવાખાનાનાં ફંડના સેકરેટરી.

(ઉપલાં રેકવીઝીશન વાલાં પત્રનો જવાબ.)

સુરત નાહાનપુરા, તા૦ ૨૧ મી ડીશેમબર સને ૧૯૦૪.

મેહેરબાન શેઠ દારાશાહ દીનશાહ ગાંધી જોગ, સુરત.

મેહેરબાન સાહેબ,

આપનો પત્ર ગઇ તા૦ ૧૭ મીનો નાહાનપુરાનાં કેટલાક જરથોસ્તીઓ તરફના રેકવીઝીશનની નકલ જોડેલો મને મલ્યોછે તે હમારી કમીટીના ચેરમેન સાહેબ તરફ મોકલ્યોછે જે તેઓ ઘટીત પ્રસંગે કમીટી આગલ રજુ કરશે, તે દરમ્યાન, હું મારા તરફથી ખાત્રી આપું છું કે, નાહનપુરાના જરથોસ્તીઓને, મરહુમ શેઠ કાવસજી તમનાની ધર્મસાળાની કુંચીમારે ત્યાંજ હોવાથી એ મકાનનો તથા એમાની સેતરંજી પાટલી વી૦નોઉપયોગ કરવાની સગવડ મલતી આવેલી છે તેજ મુજબ બીન હરકતે ચાલુ રહેશે.

લી૦ દુવાગો સેવક,
પાલણજી બેજનજી કોટવાલની સલામ કબુલ કરશો.

" સુરત અખબાર " પ્રેસ, સુરત.